# શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન

# આપણે કહેવાતા ધર્મી અને આપણે માનેલા અધર્મી

જીવને અનંત ભવ ભ્રમણમાં ફરતાં ફરતાં દંભ કરવાની અને દંભી દેખાવ કરીને માન મેળવવાની વૃત્તિ થઈ ગઈ છે. જીવ જ્યાં સુધી દંભીપણું સંસાર પુરતું મર્યાદીત રાખે તો છુટવાનો માર્ગ (ધર્મ) ખુલ્લો રહે છે. પણ જીવને ધર્મનું માન મોટું મળે છે, તે જાણીને સૌથી વધારે દંભ ધર્મમાં કરતો થઈ ગયો છે. જીવે જ્યારે જ્યારે ધર્મ કરવાનો પુરૂષાર્થ શરૂ કર્યો ત્યારે શરૂઆતમાં સારી રીતે ધર્મ કરે છે પણ જ્યારે ધર્મ પ્રગટ સ્વરૂપ પામે છે ત્યારે બીજા જીવો તે ધર્મી જીવને આદરભાવ આપવાનું શરૂ કરે છે ત્યારે તે જીવ આદરભાવને માનભાવથી જોવાનું શરૂ કરે છે અને પછી તેમાં માનનું સ્થાપન જાણીને માન લેવાની વૃત્તિ બળવાન બનાવી દે છે અને આગળ જતાં ધર્મ કરીને અને બીજા જીવોને દેખાડીને ધર્મ કરવાનું શરૂ કરે છે અને ધર્મનું માન મેળવવાની વૃત્તિ બળવાન બનાવે છે અને ઘણી વખત માન મળવાનું છે તે જાણીને ધર્મ કરે છે. અને આમ કરવાથી જીવને મોટો દોષ ધર્મ દેખાડીને કરવાનો પડે છે. (જીવ જો ધર્મ ગુપ્ત રાખીને કરે તો માનવૃત્તિથી બચી જાય અને ધર્મ

*** સત્સંગ ***

**જે જાણે છે તે માને છે તેવો નિયમ નથી**
**પણ**
**જે માને છે તે જાણે છે અને તે પામે છે.**
**જે દેહને જાણે છે, તે આત્માને માનતો નથી.**
**જે આત્માને જાણે છે, તે દેહને માને છે.**
**જે દેહને માને છે, તે આત્માને**
**''પરમાત્મા બનાવે છે.''**

કરવાની બદલે ધર્મ ધારણ થાય) અને જીવને પડેલા ખોટા દોષને કારણે જ્યારે ધર્મ કરી ન શકે ત્યારે ધર્મી કહેવરાવવા અને ધર્મી દેખાવા ખોટા બહાના બતાવીને ધર્મનો દંભ કરે છે. (ધર્મનો દંભ કરવાથી જગત નથી છેતરાતું પણ જીવ પોતે છેતરાય છે. તેની સમજણ જીવ લક્ષમાં લેતો નથી)

**જેની ભ્રમણાં ભાંગી, તેનું ભ્રમણ ભાંગ્યું,**
**જેનું અજ્ઞાન ભાંગ્યું, તેને જ્ઞાન જાણ્યું,**
**જેને જ્ઞાન જાગ્યું, તેનાં ભવ ભાગ્યા,**
**જેનાં ભવ ભાગ્યા,**
**તે ભવ સાગરનો પાર પામ્યા.**

આવી રીતે બાળજીવો અનંત વખત સાચા ધર્મી બનવાની બદલે કહેવાતા ધર્મી બન્યાં બને છે અને આજ રીત ચાલશે તો જીવ ભાવીમાં પણ કહેવાતો ધર્મી બનશે. એક ભવમાં કહેવાતા ધર્મીને બદલે સાચો ધર્મી બને અને બીજા બધા

**ભાનનું ભાન ભુલીને ભક્તિમાં ભાવ આવે નહીં,**
**ભક્તિના ભાવે ભાનનું ભાન થાય નહીં.**

ક્ષેત્રમાં ભલે માન લે પણ એક ધર્મનાં ક્ષેત્રમાં માન લેવાનું જીવ છોડી દે તો સાચા ધર્મી બનવાનું મુશ્કેલ નથી. હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં કહેવાતા ધર્મી અને માનેલા અધર્મીનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

**''ભયે કરેલો ધર્મ જ ગતિનું ભ્રમણ''**
**ભવ ભવાંતરમાં ભમતાં ભમતાં ભવ ભ્રમણની ભુલને ભુલીને ભ્રમીતપણે ભવિત ભવ્યતા ભુલીને ભયે કરીને ભયભીત ભાવે ભગવાનને ભજતાં ભજતાં ભક્તિની ભ્રમણામાં ભવ ભ્રમણની ભુલને ભુલીને ભવ ભ્રમણ ભમવાની ભુલમાં ભુલ ભેળવી.**
**''ભય રહીત કરેલો ધર્મ આત્મધર્મ કહેવાય, જે મોક્ષગતિનું કારણ''**

૧૮. **અધર્મી :** લોકાર્થે ધર્મ કરે છે. લોકોને કહેવા, દેખાડવા અને લોકોમાં સારા થવા અને માન મેળવવા.

૧૮. **કહેવાતા ધર્મી :** આત્માર્થે ધર્મ કરે છે ? લોકોને કહેવા અને બતાવવા નહીં (ધર્મ ગુપ્તપણે).

૧૯. **અધર્મી :** નામ મોટું કરવા અને માન મેળવવાં ધર્મનાં બધા પ્રકારનાં ઉપાયો અજમાવે છે.

## જૈનો જાગો

લેખાંક : ૩૯

### ■ માર્ગસાર ■

૧. મોક્ષ માગવાથી મોક્ષ ન મળે ''પણ'' સંસાર ભ્રમણનાં કારણો ટાળવાથી મોક્ષ મળે.

૨. દેહ નાશવંત કહેવાથી દેહભાવ ન છુટે ''પણ'' આત્મલક્ષ થઈને આત્માના ઉપયોગપૂર્વક વર્તવાથી દેહભાવ છુટી જાય.

૩. ધર્મ કરવાથી ધર્મ ધારણ ન થાય, ''પણ'' આત્મભાવે ધર્મ કરવાથી ધર્મ ધારણ થાય.

૪. સંસારભાવ કાઢવાથી સંસારભાવ ન નીકળે, ''પણ'' સંસારનાં કાર્યોની પ્રવૃત્તિમાં નિવૃત્તિ લઈને આત્મ ચિંતન કરવાથી સંસારભાવ છુટી જાય.

૫. અજ્ઞાન કાઢવાથી અજ્ઞાન ન નીકળે, ''પણ'' જ્ઞાન જાણવાથી અજ્ઞાન ટળી જાય.

૬. ક્રોધ કાઢવાથી ક્રોધ ન નિકળે ''પણ'' મૌન અને સહનશીલતાનાં ગુણે અને અજ્ઞાનનાં નાશે ક્રોધ છુટી જાય.

૭. માન મુકવાથી માન ન મુકાય ''પણ'' નવ તત્વોનું દ્રઢત્વ ધારણ કરવાથી માન મુકાય જાય.

૮. નામનું મમત્વ ટાળવાથી ન ટળે, ''પણ'' નામચશકર્મનું દ્રઢત્વ સર્વ સમયે લક્ષમાં રાખવાથી નામનું મમત્વ મુકાય જાય.

૯. આહાર ત્યાગવાથી રસેન્દ્રિયપણું ન જાય ''પણ'' મર્યાદિત પદાર્થો અને ઉણોદરથી લાંબો સમય રહેવાથી રસેન્દ્રિયપણું છુટી જાય.

૧૦. સુખ નથી જોઈતું - સુખ નથી જોઈતું એમ કહેવાથી સુખ ભાવ ન નિકળે ''પણ'' દુ:ખો દુર કરવાના ઉપાયો ત્યાગવાથી અને દુ:ખને સ્વભાવગત ગણીને જીવન જીવવાથી સુખભાવ નિકળી જાય.

૧૧. સબંધો ત્યાગવાથી રાગ - દ્વેષ ન નિકળે, ''પણ'' સ્વાવલંબીપણું ધારણ કરીને સ્વાભીમાની બનીને સર્વ સબંધોનું ઉપકારીપણું ગણીને નિ:સ્વાર્થભાવે વર્તવાથી રાગ - દ્વેષ રહીત થવાય.

૧૨. પદાર્થો (સાધનો)નાં ત્યાગથી આસક્તિ ભાવ ન છુટે ''પણ'' પદાર્થો (સાધનો)નું સ્વરૂપ (નાશવંતપણું) જાણવાથી ''હોય તો ઉપાધી અને ન હોય તો સમાધી'' એમ માનવાથી આસક્તિભાવ છુટી જાય અને અનાસક્તપણું થાય.

૧૩. ત્યાગી-ત્યાગી કહેવાથી વૈરાગી ન થવાય ''પણ'' અંતરમુખીપણું ધારણ કરીને સાદગીવાળું જીવન અને જગત પ્રત્યે અનાસક્ત ભાવ લાવવાથી વૈરાગીપણું આવે.

૧૪. સમકિત માનવાથી કે માગવાથી ન મળે ''પણ'' ભાવ-સ્વભાવ, સમજણ-વિચાર, જગતનાં સ્વરૂપને જાણ્યું તે સ્વરૂપે જોવાથી (દ્રષ્ટિથી) સ્વભાવથી - વિચારથી-દ્રષ્ટિમાંથી મિથ્યાત્વ ટળે તો જીવ સમકિત પામે.

૧૫. શ્રી પરમાત્મા - પરમાત્મા બોલવાથી પ્રભુની ભક્તિ ન થાય, ''પણ'' શ્રી પરમાત્માએ બતાવેલા માર્ગે ચાલવું અને તેમણે કહેલું કરવાથી શ્રી પ્રભુની ભક્તિ થાય અને તોજ આત્મામાંથી શ્રી પરમાત્માનું પ્રગટપણું થાય. (મોક્ષ થાય)

૧૯. **કહેવાતા ધર્મી :** નામ અને માન મુકીને ધર્મ અને ધર્મનાં દરેક કાર્યો કરે છે ? કે પછી નામ અને માનનું સ્થાપન કરીને કરે છે ?

૨૦. **અધર્મી :** માન મેળવવા શ્રી સાધુ ભગવંતો પાસે પણ જાય (ધર્મ જાણવાં નહીં અને વૈયાવચ્ચ માટે પણ નહીં) અને માન મળે તો ભક્તિ થોડી કરે અને હાજરી વધારે વખત રાખે.

૨૦. **કહેવાતા ધર્મી :** શ્રી સાધુ ભગવંતો પાસે જઈને ધર્મ જાણવાની જીજ્ઞાસાવૃત્તિ ધરાવે છે ? અને વૈયાવચ્ચનો અપૂર્વ લાભ (સાધનામાં સહાયક થાય તેવો લાભ) લે છે ? અને ભક્તિ વધારે અને હાજરી ઓછી તેવી રીતે વર્તે છે ? (શ્રી સાધુ ભગવંતોને તેમની સાધનામાં ખલલે ન પડે માટે)

૨૧. **અધર્મી :** જોર બતાવવા (બહાદુરી બતાવવા) ધર્મમાં ધર્મના નામે વાદ-વિવાદ કરે છે અને ધર્મનાં કાર્યોમાં તોફાન પણ કરે છે.

૨૧. **કહેવાતા ધર્મી :** ધર્મમાં અને ધર્મનાં કાર્યોમાં નમ્રતા સહિત, આદર અને ઉલ્લાસીત ભાવે શ્રાવક-શ્રાવિકાનાં સમુહમાં ધર્મ

*** સત્સંગનું ફળ ***

**''મુક્તિના માર્ગનો મહાવત''**
**મરણનાં મરણનું મારણ મનાવરાવીને મરણનું મરણ મનાવીને મરણમાંથી મુક્ત કરીને મોક્ષમાં મુકે તે મહારાથી.**

આરાધનાનાં કાર્યો કરીએ છીએ ? કે બીજાને હલકા પાડવાની કોશિષ કરીને આનંદ મેળવીએ છીએ ?

૨૨. **અધર્મી :** અધર્મી ધર્મ જાણતો નથી માટે ધર્મ કરતો નથી અથવા બીજાના કરેલા ધર્મનું અનુકરણ અને અનુસરણ કરે છે.

**કર્મનાં કારણનાં કારણનું કારજ કરાવી દે ''તે'' કરૂણામુર્તી કરમેશવર.**

૨૨. **કહેવાતા ધર્મી :** ધર્મ જાણે છે કે શ્રી પરમાત્માએ કેવા પ્રકારનો ધર્મ કરવાનો કહ્યો છે અને છતાં શ્રી પરમાત્માની આજ્ઞાની (શાસ્ત્રની) વિરુધ્ધનો ધર્મ કરે છે અને એવું જીવન જીવે છે અને છતાં બાળજીવ ધર્મી દેખાવાનો અને ધર્મી કહેવરાવવાનો દંભ કરે છે અને સાચા ધર્મી બનતો અટકે છે.

**ધર્મનાં સંપ્રદાયમાં : વાદ - વિવાદ, મતમતાંતર, પક્ષા - પક્ષી, અભાવ - દુર્ભાવ, ક્રોધ - હિંસકભાવ, આત્મલાંછના, આત્મઘાત, વેર - વેરવૃત્તિ, પિડન - પરપિડન, ઈર્ષા - દ્વેષવૃત્તિ, વિજયનો મદ - હારેલાનો ઉપહાસ, ધર્મ કરવાની બદલે ધર્મ આપવાની વૃત્તિ, કપટબુધ્ધિ, વિપર્યાસ સમજણ અને વિશ્વાસનો ભંગ.**
**આવુ બધું ધર્મનાં નામે કોણ કરે છે ?**
**''કહેવાતા ધર્મી - માનેલા અધર્મી કે સાચા ધર્મી''**

વિશેષ કહેવાતા ધર્મી અને માનેલા અધર્મીનાં લક્ષણોની વિચારણા યોગે કરીને કરશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.